સાયબર ક્રાઈમ પોલીસ મથક દાહોદ ખાતે ફરિયાદ નોંધાતા તપાસ હાથ ધરાઇ

ટેલિગ્રામ લિંકના ભરોસે વધુ વળતરની લાલચે દાહોદના વેપારીએ રૂ.19.44 લાખ ગુમાવ્યા

સોશિયલ મિડીયાના જમાનામાં સાયબર ક્રાઇમમાં વધારો થતાં લોકોમાં ચિંતા વધી

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ શહેરમાં એક ૨૬ વર્ષિય વેપારી યુવક ૧૮ જેટલા બેન્ક ધારકો તેમજ અજાણ્યા ઈસમો દ્વાર સોશીયલ મીડીયાના ટેલીગ્રામ મારફતે નાણાં કમાવવાની લાલચ આપી યુવકના બેન્ક ખાતામાંથી અલગ અલગ સમયગાળા દરમ્યાન કુલ રૂા.૧૯,૪૪,૭૦૪ની માતબર રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લઈ વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ મથક દાહોદ ખાતે ફરિયાદ નોંધાંતાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે. દાહોદ શહેરમાં નાના ડબગરવાસ, દોલતગંજ બજાર વિસ્તાર ખાતે રહેતાં ૨૬ વર્ષિય વેપારી પિયુષભાઈ યોગેશભાઈ દેવડાને ગત તા.૨૮.૦૩.૨૦૨૫ના સમયગાળા દરમ્યાન સોશીયલ મીડીયાના ટેલીગ્રામમાં મેસેજ આવ્યો હતો અને ૧૦થી ૧૫ મીનીટમાં કોઈ પણ જગ્યાએ ઈન્વેસ્ટ કર્યા વગર રૂા.૮૦૦થી ૧૦૦ રૂપીયા કમાવવાની લાલચ આપવામાં આવી હતી. આ બાદ એક લીંક પિયુષભાઈને મોકલી તેમાં રજીસ્ટ્રેશન કરાવી લીંકમાં અલગ અલગ બિલ્ડીંગના રિવ્યુ અપાવી વધારે પ્રોફીટ બતાવી અલગ અલગ લીંકોમાં ઈન્વેસ્ટમેન્ટ સ્કીમો રોકાણ કરાવી ઉંચા વળતરની લાલચ આપી હતી.

અને અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં અલગ અલગ તારીખે એટલે કે, તારીખ ૨૮.૦૩.૨૦૨૫થી તારીખ ૧૧.૦૪.૨૦૨૫ના સમયગાળા દરમ્યાન કુલ રૂા.૧૯,૪૪,૭૦૪ અલગ અલગ ૧૮ જેટલા ઈસમોએ અલગ અલગ બેન્ક ખાતાઓમાં ભરાવડાવી પિયુષભાઈ દેવડાના લીંક એકાઉન્ટની સ્કીમ પર રૂા.૩૯,૧૨,૧૪૫ બતાવેલ રકમ નહીં આપી અને મુળ રકમ પણ નહીં આપી પિયુષભાઈ દેવડા સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ સંબંધે પિયુષભાઈ યોગેશભાઈ દેવડાએ સાયબર ક્રાઈમ પોલીસ મથક દાહોદ ખાતે ફરિયાદ નોંધાવતાં પોલીસે આ સંબંધે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગંદકીનું સામ્રાજ્ય રોગચાળાને આમંત્રણ આપે છે : નાગરિકો

શહેરા તાલુકાની રેફરલ હોસ્પિટલમાં કાદવ-કીચડથી દર્દીઓ પરેશાન

સારવાર માટે આવતા લોકો અને સ્ટાફ ગંદકીમાંથી પસાર થવા મજબૂર

(પ્રતિનિધિ) ગોધરા, તા.31

શહેરાની મુખ્ય સરકારી રેફરલ હોસ્પિટલનો તાત્કાલિક સારવાર અને વિભાગની બહાર હાલ કાદવ-કીચડથી ખદબદી રહ્યો છે જેના કારણે દિવસ-રાત સારવાર માટે આવતા દર્દીઓ અને હોસ્પિટલના સ્ટાફને પારાવાર મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. વિભાગના પ્રવેશદ્વાર પર જ કાદવ-કીચડનું સામ્રાજ્ય હોવાથી દર્દીઓ અને સ્ટાફ બંનેને નાછૂટકે આ ગંદકીમાંથી પસાર થવું પડે છે. સ્વચ્છતાના આ અભાવને કારણે દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓમાં અનેક પ્રશ્નો ઉભા થયા છે. જ્યાં લોકો સ્વાસ્થ્ય સુધારવા આવે છે ત્યાં જ આવી ગંદકીનું સામ્રાજ્ય રોગચાળાને આમંત્રણ આપે છે. કાદવ-કીચડના કારણે દ્વિચક્રી વાહનો સ્લીપ થવાના અને પગ લપસી જવાના બનાવો બનવાની શક્યતા પણ વધી ગઈ છે જે દર્દીઓ અને મુલાકાતીઓ માટે જોખમી બની શકે છે. આરોગ્ય વિભાગ વહેલી તકે આ ગંભીર સમસ્યા પર ધ્યાન આપે અને કાદવ-કીચડ દૂર કરી દર્દીઓ તથા સ્ટાફને હાલાકીમાંથી મુક્તિ અપાવે તે જરૂરી બન્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

દાહોદની નવજીવન સાયન્સ કોલેજ દ્વારા રાજપીપળાની કોલેજ સાથે mou કરાયા

દાહોદ : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના શારિરીક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા તા. 30-07-2025 ના રોજ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ,રાજપીપળા દ્વારા સંચાલિત ગુજરાતની સૌથી જૂની અને ગુજરાતની નંબર વન કોલેજ છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, રાજપીપળા સાથે શારિરીક શિક્ષણ અને રમત-ગમતના સંશોધન ક્ષેત્રે અને રમત-ગમતમાં ઝળહળતી સિદ્ધિઓ પ્રાપ્ત થાય તે હેતુથી બન્ને કોલેજ વચ્ચે mou કરવામાં આવેલ છે. નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના mouના સંકલન સહાયક અને શારીરિક શિક્ષણ અને રમતગમતના નિયામક ડો.વિ.જે.ચૌહાણ તેમજ સી.પી.ડી.સી.પી.ઇ., રાજપીપળાના mouના સંકલન સહાયક અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.ટી.એમ.શેખ દ્વારા સંશોધન અને નેક દ્વારા સારો ગ્રેડ પ્રાપ્ત થાય એવું આયોજન માટે ચર્ચા વિચારણા કરવામાં આવેલ છે.

દાહોદના કાળીતળાઈ ગામે જમીન કૌભાંડ સંદર્ભે ગ્રામજનો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર

દાહોદ : દાહોદ નજીકના કાળીતળાઈ ગામની એક જમીનમાં અન્ય ગામ લોકોએ ખોટી નોંધ પડાવી ખોટાહુકમ કરાવી મોટુ કૌભાંડ આચરાયા સંદર્ભેનું એક આવેદન ગ્રામજનોએ દાહોદ પ્રાંત અધિકારીને આપી તપાસની માંગ કરી છે.કાળીતળાઈના ગ્રામજનોએ રેવન્યુ સર્વે નં. ૭૦ ખાતા નં. ૨૧વાળી જમીનમાં અન્ય ગામના લોકોએ ખોટી નોંધો પડાવી ૭૦ સર્વે નંગરના ૭૦/૧, થી ૭૦/૪ એમ ચાર ભાગ કરી અને ફોરેસ્ટ સર્વે નં. ૭૨/૧ માં ખોટા હુકમ કરાવી સર્વે નં. ૭૦/૧ અને ૭૦/૪ ના ખેડુત ખાતેદારોએ જમીનમાં મોટુ કૌભાંડ કર્યુ હોવાનું લાગતા ગ્રામજનોએ ભેગા મળી દાહોદ પ્રાંત અધિકારીને એક આવેદન આપ્યું છે. આ આવેદન આપી તપાસ કરવા માંગ કરી છે.

શહેરાના ઉંમરપુરના ડો. પ્રેમિલાબા પરમારને સુવર્ણચંદ્રક એનાયત કરાયો

ગોધરા : શહેરા તાલુકાના ઉંમરપુર ગામના ડો. પ્રેમિલાબા સુરેશસિંહ પરમારે શિક્ષણ ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરીને ગામ અને ક્ષત્રિય દરબાર સમાજનું ગૌરવ વધાર્યું. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા ૨૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ યોજાયેલા સમારોહમાં તેમને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. ડો. પ્રેમિલાબાએ શિક્ષણ વિભાગમાં એમ.ફિલ.ની ડિગ્રી પ્રથમ પ્રયત્ને, પ્રથમ વર્ગમાં યુનિવર્સિટી કક્ષાએ સર્વોચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ કરીને આ "હેમચંદ્રાચાર્ય સુવર્ણચંદ્રક" પ્રાપ્ત કર્યો છે.

કાલોલના સુરેલી ગામે બંધ મકાનને નિશાન બનાવી રૂ.૪૫,૦૦૦ની મતાની ચોરી

કાલોલ : કાલોલ તાલુકાના સુરેલી ગામમાં દૂધ ડેરી પાછળ ગ્રામ પંચાયતની સામે આવેલા મકાનમાં રહેતા અને પત્રકારનો વ્યવસાય કરતા, હાલમાં ગોધરા ખાતે રહેતા ભરતકુમાર મંગળદાસ પ્રણામીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. ઘરના મુખ્ય દરવાજાનો નકૂચો તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરનો સામાન વેર વિખેર કરી ઘરમા મુકેલ તિજોરીમાંથી ખોડીયાર માતાની ચાંદીની મૂર્તિ તેમજ જુદા જુદા દરની રૂપિયા 10,000ની રોકડ રકમ તાંબા પિત્તળ ના વાસણો સહિત 45,000 ની મતાની ચોરી કરી જતા વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો દાખલ કરી તપાસની કાર્યવાહી હાથ ધરી છે.

કાલોલ નગરપાલિકામા અસંતોષનો ભારેલો અગ્નિ

પાલિકાની મિટિંગમાં બહુમતી સભ્યો ગેરહાજર રહેતા સભા મુલત્વી

પાલિકાની બેઠક ફિયાસ્કો થતાં નગરમાં ચર્ચાઓનો દોર શરૂ થયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.31

કાલોલ નગરપાલિકામા આજ રોજ બપોરના ૧૨:૧૫ કલાકે રાખવામાં આવેલી પાલિકાની મિટિંગમાં બહુમતી સભ્યો ગેરહાજર રહેતા કોરમના અભાવે સભા મુલત્વી રાખવાની ફરજ પડી હોવાની માહિતી મળી છે .

પાલિકા દ્વારા મિટિંગના એજન્ડાની તમામ કાઉન્સિલરોને જાણ કરવા છતાં પણ ૨૧ જેટલા કાઉન્સિલરો આ બેઠકમાં ગેરહાજર રહ્યાં હતાં. જેમાં ભાજપના ચૂંટાયેલા સભ્યો અને અપક્ષ કાઉન્સિલરો સામેલ હતા.

ત્યારે પાલિકાની હાલની બોડી દ્વારા પ્રજાના કામ રજુઆત કરવા છતાં કરવામાં આવતા નથી તેમજ વિકાસના કામોમાં વહાલા દવલા નિતિ રાખવામાં આવે છે. રોડ ઉપર ક્વોરી ડસ્ટ નાખવામાં ગુણવતા જળવાતી નથી તેવા આક્ષેપ થયા છે. આજની બેઠકમાં પ્રમુખ,ઉપપ્રમુખ, પક્ષના નેતા, પક્ષના દંડક અને કારોબારી અધ્યક્ષ ઉપરાંત વોર્ડ નંબર એકના બે મહિલા સભ્યો એમ કુલ મળીને સાત જ સભ્યો હાજર રહ્યા હતા આમ આમ પાલિકાની બેઠક નો ફિયાસ્કો થવા પામ્યો હતો. જેના કારણે નગરમાં ભારે ચર્ચાઓ જામી રહી છે.

ચેક રિટર્ન કેસમાં લીમડીના વેપારીને 1 વર્ષની સજા અને રૂ.5.75 લાખનું વળતર અપાવવાનો હુકમ

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ શહેરમાં રહેતાં એક વેપારીએ વર્ષ ૨૦૧૯-૨૦ના સમયગાળા દરમ્યાન ઝાલોદના લીમડી નગરના એક વેપારીને ઉછીના ૫,૭૫,૦૦૦ આપ્યાં હતાં જે નાણાંના બદલામાં લીમડીના વેપારએ બેન્ક ખાતાનો ચેક આપતાં અને આ ચેક બેન્કમાંથી રિટર્ન થતાં આ મામલાનો કેસ દાહોદની એડીશન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં આરોપી લીમડીના વેપારીને એક વર્ષની સજા તેમજ રૂા.૫,૭૫,૦૦૦નું વળતર અપાવવાનો હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેરના સ્ટેશન રોડ ખાતે દર્પણ રોડ ખાતે મેટ્રો ટાવર કોમ્પલેક્ષમાં વેપાર કરતાં વેપારી સચીનભાઈ પ્રવિણભાઈ શ્રીમારે વર્ષ ૨૦૧૯-૨૦ના સમયગાળા દરમ્યાન ઝાલોદના લીમડી નગરમાં રહેતાં અને વેપારી તુષારકુમાર પ્રદીપભાઈ કડીયાને ઉછીના ૫,૭૫,૦૦૦ આપ્યાં હતાં. આ નાણાં આપ્યાં બાદ દાહોદના વેપારી સચીનભાઈ શ્રીમારે અવાર નવાર નાણાંની માંગણી કરતાં ઝાલોદના લીમડી નગરના વેપારી તુષારકુમાર કડીયા અવાર નવાર ગલ્લા તલ્લા કરતાં હતાં અને આખરે આરોપી વેપારી તુષારકુમાર કડીયાએ પોતાની બેન્કનો ચેક દાહોદના વેપારી સચીનભાઈ શ્રીમારને રૂા.૫,૭૫,૦૦૦નો ચેક ભરીને આપ્યો હતો. આ ચેક સચીનભાઈ શ્રીમારે પોતાની બેન્કમાં જમા કરાવતાં જેમાં આરોપી વેપારી તુષારકુમાર કડીયાના બેન્ક ખાતામાં પુરતા નાણાં ન હોવાને કારણે ચેક બેન્ક તરફથી રિટર્ન થયો હતો. આ બાદ દાહોદના વેપારી સચીનભાઈ શ્રીમારે ઝાલોદના લીમડી નગરના વેપારી તુષારકુમાર કડીયા વિરૂધ્ધ દાહોદની કોર્ટમાં ચેક રિટર્ન કેસ સબબ કેસ કરતાં આ કેસ દાહોદની એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં ગતરોજ આ કેસનો ચુકાદો આવ્યો હતો અને જેમાં ઝાલોદના લીમડી નગરના આરોપી વેપારી તુષારકુમાર કડીયાને એક વર્ષની સજા તથા રૂા.૫,૭૫,૦૦૦નું વળતર દાહોદના વેપારી સચીનભાઈ પ્રવિણભાઈ શ્રીમારને ચુકવવાનો આદેશ કર્યો કરવામાં આવ્યો હતો.

નાની-નાની બાબતોને પણ મહત્વ આપીને કામ કરવાનું છે. -પ્રભારી મંત્રી કુબેર ડીંડોર

દાહોદ આદિજાતિ મ્યુઝિયમ ખાતે સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહ યોજાયો

આકાંક્ષામાંથી વિકસિત દાહોદ બને એ તરફ પ્રયાસ કરવાના છે.-કલેકટર યોગેશ નિરગુડે

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ જિલ્લામાં નવું નજરાણું તરીકે ઊભરી આવેલા આદિજાતિ મ્યુઝિયમ ખાતે દાહોદ પ્રભારી મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતા હેઠળ સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લાનું એસ્પીરેશનલ ડિસ્ટ્રીક્ટ અને બ્લોક હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરવા માટે જિલ્લા કલેકટર યોગેશ નિરગુડેનુ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગોલ્ડ મેડલ તેમજ પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. જેની નીતિ આયોગ દ્વારા પણ નોંધ લેવામાં આવી છે. આ સંદર્ભે પ્રભારી મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરએ ઉદ્દબોધન આપતાં કહ્યું હતું કે, આકાંક્ષી જિલ્લા તરીકે દાહોદ ની પસંદગી નીતિ આયોગ દ્વારા કરવામાં આવી હતી. અપાયેલા ૬ ઇન્ડિકેટર્સ મુજબ આપણા વહીવટી તંત્ર તેમજ તમામ કર્મચારી/અધિકારીઓની અથાગ મહેનત થકી આ કાર્ય સફળતા પૂર્વક પાર પડ્યું છે. પ્રભારી મંત્રીએ વધુમાં ઉમેર્યું હતુ કે, વડાપ્રધાનના વર્ષ ૨૦૨૭ સુધીમાં વિકસિત ભારત ના સંકલ્પને પૂર્ણ કરવામાં નાની-નાની બાબતોને પણ મહત્વ આપીને કામ કરવાનું છે. તમામ નાનામાં નાના માણસ સુધી સરકારી સહાય અને યોજના પહોંચે એ માટે આપણે સતત આગળ વધતા રહેવાનું છે તેમ જણાવ્યુ હતુ.

કાલોલની પીંગળી હાઈસ્કૂલ ખાતે સાયન્સ કીટનું ઉદઘાટન કરાયું

(પ્રતિનિધિ) કાલોલ, તા.31

કાલોલ તાલુકાના પીંગળી નવ ચેતન વિદ્યા મંદિર ખાતે પંચમહાલ સાક્ષરતા પંથે એ સૂત્ર ને સાર્થક કરવા માટે " સેવક ટ્રસ્ટ મુંબઈ " ના સહયોગ થી સેવક ટ્રસ્ટ ના ટ્રસ્ટી કૌશિકભાઈ શાહ દ્વારા પંચમહાલ જિલ્લાની કુલ ૧૯ શાળાઓને સાયન્સ કીટ નું દાન આપવામા આવ્યુ હતું આ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો પંચમહાલ જિલ્લાના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન જેવા વિષય માં રસ અને રુચિ વધે તેમજ જરૂરિયાતમંદ ગ્રાન્ટેડ શાળાઓને આગળ લાવવા માટે તેમજ બાળ વૈજ્ઞાનિકો નો ઉત્સાહ વધારવા માટે ખુબ જ ઉમદા કાર્ય કર્યું છે તે બદલ શાળા ના આચાર્ય સમીરભાઈ શાહે સેવક ટ્રસ્ટ મુંબઈ અને ટ્રસ્ટી કૌશિકભાઈ શાહ નો આભાર વ્યક્ત કર્યો હતો.

કાલોલ મામલતદાર કચેરીમાં મહિલાઓ રઝળી

વિધવા સહાય અને વૃદ્ધ પેન્શન કેવાયસીની કામગીરી બંધ

કોમ્પ્યુટર ઓપરેટર રજા પર હોવાથી અનેક અરજદાર મહિલાઓને ધરમધક્કો

(પ્રતિનિધિ) કાલોલ, તા.31

કાલોલ મામલતદાર કચેરી ખાતે વિધવા સહાય યોજના હેઠળ કેવાયસી કરાવવા માટે તાલુકાભરની વિધવા મહિલાઓ પોતાના સગા સંબંધી સાથે વહેલી સવારે મામલતદાર કચેરીમાં પહોચતા હોય છે. આજ રોજ કોમ્પુટર ઓપરેટ કોઈક કારણસર રજા પર ઉતરી જતા વિધવા સહાય માટે કેવાયસી કરાવવા આવેલી સંખ્યાબંધ મહિલાઓ રઝળી પડી હતી. મીડિયા દ્વારા કાલોલ મામલતદારને રજૂઆત કરતા રેકર્ડ વિભાગના કર્મચારીને મોકલી આપી કેવાયસીના દસ્તાવેજો ઉઘરાવી લઈ મહિલાઓને વિદાય આપવામાં આવી હતી. વૃદ્ધ પેન્શન યોજનાના કેવાયસીમાં પણ સંખ્યાબંધ વૃદ્ધો કચેરીમાં પહોંચ્યા હતા. કાલોલ તાલુકાના જૂદા જુદા ગામોમાંથી વિધવા મહિલાઓ મામલતદાર કચેરીના મેડા પર પહોંચી પરંતુ જવાબદાર કર્મચારી હાજર ન હોય મહિલાઓ હેરાન થઈ રહી હતી.

શ્રાવણ માસમાં દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને મુશ્કેલીનો સામનો કરવાનો વારો

ગોધરાના ટુવાથી મહેલોલ જતાં મુખ્ય માર્ગ ખખડધજ હાલતમાં, વાહન ચાલકો ત્રાહિમામ

(પ્રતિનિધિ) ગોધરા, તા.31

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ ટુવાથી મહેલોલ-વેજલપૂર તરફ જતો મુખ્ય માર્ગ હાલ ખખડધજ હાલતમાં છે. જેના કારણે વાહનચાલકો અને ખાસ કરીને શ્રાવણ માસમાં દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ પારાવાર મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. આ માર્ગ પર ઠેર ઠેર પડેલા મસમોટા ખાડાઓ અકસ્માતોને નોતરી રહ્યા છે જેને લઈ સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગોધરાથી આશરે ૧૪ કિલોમીટર દૂર આવેલું ટુવા તેના પૌરાણિક ગરમ પાણીના ઝરણાં અને ધાર્મિક મહત્વ માટે જાણીતું છે. મહાભારતકાળથી જોડાયેલી ભીમકુંડની દંતકથા અને ઔષધીય ગુણધર્મો ધરાવતા પાણીને કારણે અહીં ગુજરાતભરમાંથી હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ આવે છે. ખાસ કરીને શ્રાવણ માસ દરમિયાન શિવભક્તોનો અવિરત પણે અહીં જોવા મળે છે. વડોદરા, હાલોલ, કાલોલ અને વેજલપુર તરફથી આવતા શ્રદ્ધાળુઓ માટે ટુવા પહોંચવા માટેનો આ માર્ગ મુખ્ય કડી સમાન છે. આ ઉપરાંત, ટુવા-મહેલોલ માર્ગ આશરે ૧૦ જેટલા આસપાસના ગામોને જોડતો રસ્તો છે. પરંતુ ચોમાસાની શરૂઆતની સાથે જ આ માર્ગ પરની સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. ઠેર ઠેર ઊંડા અને પહોળા ખાડાઓ પડી ગયા હોવાથી વાહનચાલકો માટે ભયાવહ સાબિત થઈ રહ્યા છે.

ભૂલી પડેલી મહિલાનું ઘર શોધીને પરિવાર સાથે મિલન કરાવતી અભયમ

(પ્રતિનિધિ) હાલોલ, તા.31

એક જાગૃત નાગરિક દ્વારા 181માં ફોન કરીને જણાવ્યું હતું કે એક અજાણ્યા મહિલા મળી આવ્યા છે તે બોલી શકતા નથી અને તેની પાસે તેને આવતા જતા લોકોએ પુછપરછ કરતા ગભરાઈ ગયા છે તો તેની મદદ માટે જણાવેલ.જેથી હાલોલ 181ની ટીમના કાઉન્સિલર મધુબેન અને કોન્સ્ટેબલ ચેતના બેન ટીમ સહિત ગણતરીના સમય માં બોલાવેલ સ્થળે પહોંચીને મહિલા સાથે વાતચિત કરી હતી.તેમાં આ મહિલાને સરખું બોલાતું ન હતું તે માટે તેની બોલી સમજાતી ન હતી.પછી આ મહિલાને નોટ-પેન આપતા તે લખીને તેનું નામ સરનામું જણાવેલ અને મહિલા ના લગ્ન થયેલાં છે ઉંમર 23 વર્ષ અને તેનું ગામ હાલોલ ના જાંબુડી ગામ માં હોઈ અને સાસરી છોટાઉદેપુરના ભિખાપુરા, બાકરોલ નજીક માં છે તેને સાસરિયામાં મારપીટ કરવાના કારણે તે સાસરિયા માંથી પિયરમાં આવેલ.તે હાલોલ બસ્ટેન્ડ થી રસ્તામાં આવી ને બેઠા હતા. તેને સમજાવેલ કે રસ્તામાં નય બેસી રહેવા જણાવેલા પછી તેના જણાવેલ સરનામે શોધખોળ કરી ગામના સરપંચ નો કોન્ટેક્ટ કરેલ પછી તેમનું ઘર શોધ્યું હતું ત્યારબાદ તેના પરિવાર ને સુરક્ષિત સોંપવામાં આવતાં પરિવાર એ 181 અભયમ હાલોલ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો